શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર



# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

E-mail : sonisandesh1@gmail.com

www.parajiyasoni.in

વર્ષ : ૩૬ • અંક : ૧૨ • પાના : ૨૪ | તંત્રી : ભરત કે. સતિકુંવર | ડિસેમ્બર – ૨૦૨૫ | મૂલ્ય : રૂ. ૧૨/–





તસવીર : દ્રુપદ પટેલ

॥ જય શ્રી રાંદલ મા ॥

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની**
**સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા




સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા**



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા

# ભેટ બદલ આભાર



## સ્વ. કાન્તાબેન લખુભાઈ ધકાણ (જામકાવાળા)

તેઓની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે એમના પરિવાર તરફથી
શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ) ને અન્ન સહાય નિમિત્ત સેવા કાર્ય માટે
રૂા. ૫૧,૦૦૦/– (અંકે રૂપિયા એકાવન હજાર) મળેલ છે.

હસ્તેઃ શ્રી મુકેશભાઈ લખુભાઈ ધકાણ (જામકા)
શ્રી મીનાક્ષીબેન અનિલકુમાર ધાણક (ખારચિયા)
શ્રી હેમલતાબેન શશીકાંતભાઈ રાણા (બોટાદ)

આપશ્રી પરિવાર તરફથી આ અન્નસેવા સહાય બદલ
શ્રી વાઘેશ્વરી સેવા સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ)
આપશ્રી સમસ્ત પરિવારને આભારની લાગણી વ્યક્ત કરે છે.

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

તંત્રી : ભરત કે. સતિકુંવર

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
+91-93248 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

**મુદ્રણ સ્થાન**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**
લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.

## આ અંકમાં વાંચશો...

- તંત્રી સ્થાનેથી....
- પરજવંશનો ચળકતો બુરજ...
- થડેશ્વર પરિવાર - દસમો વાર્ષિક પાટોત્સવ
- વિદ્યાર્થીઓ માટે AI ઉપયોગી ટીપ્સ
- 'ઉતરાયણ' આનંદ, ઉમંગ....
- કાવ્ય વિભાગ
- સુંદર વાસ્તુ
- મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ
- મુંબઈ સુવર્ણકાર સંઘ
- ભેટની યાદી
- સ્મૃતિ
- ઓમના ઉચ્ચારણનું મહત્વ
- શ્રીમદ્ ભાગવત સપ્તાહ





## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

— પરજિયા સોની સંદેશ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ધુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....*✍



# સમાજના દાતાશ્રીઓ એટલે સમાજ સેવા માટે સમર્પિત શક્તિ...

આપણો સમાજ હંમેશા એકતા, સહકાર અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ રહ્યો છે. આ સમાજના દાતાઓ માત્ર આર્થિક સહાય પૂરતી જ ભૂમિકા ભજવતા નથી પરંતુ સમાજના દરેક જરૂરિયાતમંદ સભ્યના જીવનમાં આશાની કિરણ બનીને ઉભા રહે છે. શિક્ષણ ક્ષેત્રે સમાજના દાતાશ્રીઓનો ફાળો પ્રશંસનીય છે. ગરીબ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, ફી સહાય, પુસ્તકો અને શૈક્ષણિક સાધનો પૂરા પાડી તેઓ ભવિષ્યના સશક્ત નાગરિકો ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ભણતર દ્વારા આત્મનિર્ભર બનવાની તક આપવી એ દાતાશ્રીઓની દીર્ઘદ્રષ્ટિ દર્શાવે છે.મેડિકલ સહાયમાં પણ સમાજના દાતાશ્રીઓ હંમેશા આગળ રહ્યા છે. ગંભીર બીમારીઓ, અચાનક થયેલા અકસ્માતો કે લાંબી સારવાર દરમિયાન દર્દી અને તેના પરિવાર પર પડતો આર્થિક ભાર ઓછો કરવા માટે દાતાઓ નિઃસ્વાર્થ ભાવથી મદદ કરે છે. સારવાર ખર્ચ, દવાઓ, ઓપરેશન તેમજ હોસ્પિટલ ખર્ચ માટે આપવામાં આવતી સહાય અનેક પરિવાર માટે જીવનદાયી સાબિત થાય છે.

આ ઉપરાંત આર્થિક સંકટમાં ફસાયેલા પરિવારને તાત્કાલિક મદદ, લગ્ન પ્રસંગે સહાય, આર્થિક સહાય, વૃદ્ધો અને નિરાધાર વ્યક્તિઓને વધુમાં વધુ સહયોગ સહિત સમૂહ લગ્ન, શિક્ષણ સમારંભ જેવા કાર્યો દ્વારા સમાજના દાતાશ્રીઓ માનવતાની સાચી ભાવનાને જીવંત રાખે છે. સમાજમાં કોઈપણ સભ્ય એકલો નથી એવી લાગણી દાતાશ્રીઓના સહયોગથી મજબૂત બને છે. સમાજના દાતાશ્રીઓનું આ સેવાભાવી કાર્ય માત્ર સહાય નહીં પરંતુ સમાજની એકતા, વિશ્વાસ અને પરસ્પર જવાબદારીનું પ્રતિક છે. તેમના સહયોગથી સમાજ સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહ્યો છે અને આવનારી પેઢીઓ માટે પ્રેરણાસ્રોત બની રહ્યો છે. **સમાજના આધારસ્તંભ સમાન દરેક દાતાશ્રીઓનો અંતઃકરણથી આભાર...**

**– ભરત કે. સતિકુંવર**

**પરજીયા સોની સંદેશના વાચકો માટે**

**'પરજીયા સોની સંદેશ'ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ) +91-93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

# પરજવંશનો ચળકતો બુરજ પરજાવથી નીકળી, બ્લુચીસ્તાન,સિંધ,પાટણ, કચ્છ થઈ બગસરાની ''શાંતલહરી'' માં વિલીન થયો...!

વડારણે ખુલાસો કરતા કહ્યું, રાણીબા કહેવડાવે છે કે કાઠીના દીકરા તમે બંગડી પહેરીલો દરબારનો મારતલ જીવતો કેમ રહે ? દેવાયતઆપાએ કહ્યું વેર વાળવા માટે ખરચ થાય ઓજલમાં બેઠેલા સજુબાઈએ કહ્યું કેટલો ખર્ચ થાય ? દેવાયતઆપાએ કહ્યું , ખાતરડી સુધી ભરાય તેટલા બે ગાડા ચાંદીના રૂપિયા.ઓજલમાંથી સજુબાઈએ કહ્યું બેને માથે એક લટકાનું કુલ ત્રણ આપીશ. કચ્છ પાંચાળ,ઝાલાવાડથી ઘોડા મંગાવો.

૨૦૦૦ માણસો ભેગા કર્યા, ૪૦૦ ગાડા ખેડુ ભેગા કર્યા ૪૦૦ હળવાળા ખેડુ ભેગા કર્યા ૮૦૦ ગધેડા છાલકાવાળા મીઠું ભરી તૈયાર રાખ્યા. સંપૂર્ણ દળકટકની આગેવાની સજુબાઈએ પુરુષના કપડા પહેરી લીધી.

સજુબાઈની આગેવાનીમાં દળકટકે બરાબર અંધારાનો લાભ લઇ શેરડીવદર ઉપર હુમલો કર્યો એકેએક કુબા જેવા કાચા મકાનો સળગાવી દીધા. જે બચવા પ્રયત્ન કરે તેને ભાલાની અણીએ દીધા ગામ આખું બળીને ખાખ થઈ ગયું. શેરડીવદરના અબાલવૃદ્ધ, સ્ત્રી,પુરુષ બાળકો સહિત બળીને કોલસો થઈ ગયા. સજુબાઈએ કાળો કેર વર્તાવી દીધો. બીજે દિવસે શેરડીવદર ગામને દાળકટકમાં સાથે આવેલ ખેડૂતોએ શેરડીવદરને સમથળ કરી તેમાં હળ હલાવી ચાસ પાડી તેમાં મીઠું વાવી શેરડીવદરની તસુએતસુ જમીન વાંઝણી કરી નાખી આ બધી ધમાચકડીમા વેજો ખસિયો છટકવામા સફળ રહ્યો.

વેજો ખસિયો સજુબાઈના કોપથી બચવા આશરા ફેરવતો રહે છે.અંતે તેના પાપનો ઘડો ભરાઈ ગયો અને સજુબાઈની હડફેટે ચડી ગયો. સજુબાઇનું વિકરાળ રૂપ જોઈ ક્રૂર વેજો ખસિયો થરથર કાંપવા લાગ્યો.બચવા હવાતિયાં મારવા લાગ્યો સજુબાઈમાં સામતવાળાનું બળ ઉમેરાયું સજુબાઈએ ઠેકડો મારી મરણતોલ તલવારનો ઝાટકો માર્યો એક જ ઘાએ વેજો તરફડીયા મારવા લાગ્યો જયાં સુધી તેનું શરીર ટાઢું ના થયું ત્યાં સુધી સજુબાઈ ઉભા રહ્યા.સજુબાઈના કોઠે ટાઢક વળી પાછી તેના મૃતશરીર પર ધિક્કાર અને તુચ્છકારથી હા...ક...થું કરી થુકી બદલો લઈ બગસરા પરત ફર્યા.

દરબારગઢમાં આવી માથાબોળ સ્નાન કર્યું છુટાવાળની પ્રતિજ્ઞા સજુબાઈએ પુરી કરી અંબોડો વાળી દરબારગઢના ચોકમાં આવી મોટેથી રડતારડતા સામતવાળાના નામના છાજીયા લીધા ગોલણઆપા ધોરડાના મરસિયા ગાયા બગસરા ગામની સ્ત્રીઓ છાજીયા લેતીલેતી મરસિયા ગાતીગાતી પોતાની રાણીબાના દુઃખમાં ભાગ લેવા અને આશ્વાસન આપવા દરબારગઢ પહોંચી. તે દિવસે બગસરામાં એક પણ ઘરમાં ચૂલા ન પેટીયા, માણસતો ઠીક પશુ-પક્ષીની આંખોમા પણ આસુંડા રોકાવાનું નામ નહોતા લેતા. (સંપૂર્ણ)

સંકલન : ગુણવંત ધોરડા,જેતપુર,
સૌજન્યઃ સાગરકુમાર બારોટ (રાજકોટ)
ડૉ. ભુપેન્દ્રસિંહ અભાંણી (જેતપુર)
નારાયણભાઈ સોની છટપોંખ્યા (દિબ્રુગાઢ )
વિશેષ સૌજન્યઃ
ગિરધરભાઈ સોલંકી (બગસરા)

જય શ્રી ચામુંડા માતાજી

॥ શ્રી ગણેશાય નમઃ ॥

જય શ્રી રાંદલ માતાજી



॥ શ્રી સુરાપુરાશ્રી રણછોડઆપા ॥

## હાર્દિક નિમંત્રણ



સર્વ થડેશ્વર પરિવારજનો

સ્નેહી સ્વજનશ્રી, ..............................................................................

સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી રાંદલ માતાજી ની અસીમ કૃપાથી થડેશ્વર પરિવારના સુરાપુરા પુજય શ્રી રણછોડઆપા ભેસાણ (સોરઠ) મુકામે બિરજમાન છે. દર વર્ષની માફક આ વર્ષે

# દસમો વાર્ષિક પાટોત્સવ

**સંવત ૨૦૮૨ ના પોષ વદ-૧૨ ને ગુરૂવાર તા. ૧૫-૦૧-૨૦૨૬ ના રોજ** સાથે એક દિવસનો હવન પણ રાખવામાં આવેલ છે. મુખ્ય યજમાન પદે **સુલતાનપુરવાળા (હાલ બગસરા) દેવેન્દ્રભાઈ ચીમનભાઈ થડેશ્વર** તરફથી રાખવામાં આવેલ છે. તો આ શુભ અવસરે શ્રી માતાજી તથા સુરાપુરા રણછોડઆપાની સેવાનો તેમજ દર્શન,પ્રસાદનો લાભ લઈને યશભાગી બનીએ તથા સદાયને માટે કુટુંબ પર અમીદ્રષ્ટિનો લાભ લઈએ.

**મહાપ્રસાદ સર્વે ભાઈઓ સાથે લઈશું**
**સ્થળ :-શ્રી રણછોડ આપાની દેરી,**
**ઉબેણીયા નાગ,**
**તડકા પીપળીયા ગામનો કાચો,**
**મુ ભેસાણ (સોરઠ), જિ.જુનાગઢ**



**: ઉતારાનું સ્થળ :**
**પારેવડી રીસોર્ટ**
**પરબ મંદિરની બાજુમાં**
**મુ.પરબવાવડી**

### નિમંત્રક

શ્રી પરજીયા પટ્ટણી સોની થડેશ્વર પરીવારના સુરાપુરા રણછોડઆપા ટ્રસ્ટ - ભેસાણ

### શુભ સ્થળ

ઉબેણીયા નાગ તડકા પીપળીયા ગામનો કાચો રસ્તો, રફાળીયા રોડ,
મું. ભેસાણ(સોરઠ), જિ. જુનાગઢ.
શ્રી દિનેશભાઈ જે. થડેશ્વર મો. ૯૪૨૬૮ ૮૫૧૧૫, ૯૯૭૯૯ ૧૨૫૫૭
શ્રી કાળુભાઈ એલ. થડેશ્વર મો. ૯૪૨૬૯ ૩૬૮૮૧

### બેંકની વિગત

A/c Name : SHRI PARJIYA PATTNI SONI THADESHWAR PARIVAR NA SURAPURA RANCHOD APA TRUST
A/c No. : 40765347105 Bank Name : STATE BANK OF INDIA
Branch : BABARA, AMRELI IFSC CODE : SBIN0060036

# વિદ્યાર્થીઓ માટે AI (ARTIFICIAL INTELLIGENCE) ઉપયોગી ટીપ્સ

**૧. શોધખોળ માટે AI નો ઉપયોગ કરો :**

★ AI આધારિત ટૂલ્સ (જેમ કે ChatGPT, Copilot) દ્વારા વિષય પર ઝડપી માહિતી મેળવો.

★ રિસર્ચ પેપર, સારાંશ અને મુખ્ય મુદ્દાઓ સમજવા માટે AI મદદરૂપ થાય છે.

**૨. અભ્યાસને સરળ બનાવો :**

★ મુશ્કેલ વિષયો સમજવા માટે AI ને સરળ ભાષામાં સમજાવવા કહો.

★ ગણિત, વિજ્ઞાન, પ્રોગ્રામિંગ જેવા વિષયોમાં સ્ટેપ-બાય-સ્ટેપ સમજ મેળવવા AI નો ઉપયોગ કરો.

**૩. ભાષા અનુવાદ અને લેખન સુધારો :**

★ AI ટૂલ્સ દ્વારા નિબંધ, પ્રોજેક્ટ રિપોર્ટ અથવા પ્રેઝનટેશન તૈયાર કરો.

★ ભાષા અનુવાદ માટે AI નો ઉપયોગ કરો જેથી વિવિધ ભાષાઓમાં સરળતાથી કામ કરી શકાય.

**૪. સમય વ્યવસ્થાપન માટે AI :**

★ AI આધારિત પ્લાનિંગ ટૂલ્સથી અભ્યાસનો શેડ્યૂલ બનાવો.

★ રીમાઈન્ડર અને ટાસ્ક મેનેજમેન્ટ માટે AI એપ્લિકેશનનો ઉપયોગ કરો.

**૫. પ્રોગ્રામિંગ અને ટેક્નિકલ સ્કિલ્સ શીખો**

★ AI કોડ જનરેશન ટૂલ્સથી પ્રોગ્રામિંગ શીખો.

★ ડિબગિંગ અને કોડ સુધારવા માટે AI મદદરૂપ થાય છે.

**૬. સાવચેતી રાખો**

★ AI દ્વારા મળેલી માહિતી હંમેશા ચકાસો, કારણ કે તે ૧૦૦% સાચી ન હોઈ શકે.

★ નકલ (Plagiarism) ટાળો અને AI નો ઉપયોગ માત્ર માર્ગદર્શન માટે કરો.

* * *

**૧૦ શ્રેષ્ઠ AI ટૂલ્સ (વિદ્યાર્થીઓ માટે)**

**૧) ChatGPT**

★ લખાણ, રિસર્ચ, પ્રોજેક્ટ અને કોડિંગ માટે સર્વ-ઉદ્દેશ્યીય સહાયક.

★ બધી વ્યક્તિગત રીતે જવાબ આપે છે, સમજાવે છે, અને પ્રેક્ટિસ ક્વિઝ બનાવે છે.

**૨) Grammarly**

★ લેખન માટે વ્યાકરણ, ટોન અને સ્પષ્ટતા સુધારે છે.

★ નિબંધ, વ્યવસાયિક ઈ-મેઈલ, નિવેદનો માટે આદર્શ.

**૩) Notion AI**

★ ટાસ્ક મેનેજમેન્ટ, નોંધ સરળ બનાવી, સંક્ષેપ અને ફ્લેશકાર્ડ્સ બનાવે છે.

★ સંગઠિત અભ્યાસ માટે ઉત્તમ.

**૪) Quizlet AI**

★ ફ્લેશકાર્ડ અને અભ્યાસ માટે કસ્ટમ પુષ્કળ પ્રશ્નો બનાવે છે.

★ સમય પ્રમાણે રિવિઝન યોગ્યતા સુધારે છે.

**૫) Perplexity AI**

★ સંશોધન માટે સુરક્ષિત અને વિશ્વસનીય જવાબ આપે છે, inline citations સાથે.

★ અથાવાદ સંબંધિત પ્રબળ માહિતી આપે છે.

**૬) Otter.ai**

★ લેક્ચર અને મીટિંગનો જીવંત ટ્રાન્સક્રિપ્શન,

ઉપરાંત કેટલાક સંક્ષેપ.

★ પ્રોફેસર લેક્ચર રેકોર્ડ કરવા અનુકૂળ.

**૭) Khanmigo (Khan Academy)**

★ Math, SAT, વિવિધ વિષયો માટે એક ચેટબેસ્ડ ટ્યુટર.

★ કન્વર્સેશન સ્ટાઈલ શીખવણ સાથે.

**૮) Caktus AI**

★ નિબંધ, પ્રોગ્રામિંગ કોડ, સ્ટેપ વાઈઝ ગણિત સૂતર આપતું ટ્યુટોર.

★ કોલેજ–સ્તરની અસાઈનેમેન્ટ માટે સચોટ.

**૯) Elicit AI**

★ શીર્ષક/રિસર્ચ–પ્રોડ, પેપર સ્કેન, મુખ્ય સંશોધન વિગતો ટેબલ અને ટૂંકાણમાં આપે છે.

★ થીસિસ અથવા સંશોધન માટે ખૂબ ઉપયોગી.

**૧૦) Anki AI / Mindgrasp**

**(Flashed - based learning)**

★ Spaced-Repetition દ્વારા સ્મૃતિ વધારવા માટે સૈદ્ધાંતિક ટેક્નિક.


★ નોટ્સ, PDFs ને ફ્લેશ કાર્ડ્સમાં રૂપાંતર.

**નોંધ :** આ AI ટૂલ્સ ઘણીવાર ફ્રી + Paid પ્લાન મોડલ ધરાવે છે, અને વિદ્યાર્થીઓ માટે ખાસ સુવિધાઓ ધરાવે છે.

કોઈપણ ટૂલ પસંદ કરતા પહેલા તેની ફ્રી ટિયર, વેબ અને મોબાઇલ સપોર્ટ, અને એડ્યુકેશન ડિસ્કાઉન્ટ તપાસતા ખાસ ફાયદો થાય છે.

**સંકલન : ભાવિન સતિકુંવર**

# ‘ઉતરાયણ’ આનંદ, ઉમંગ અને પરંપરાનો તહેવાર



ઉતરાયણ એક વિશેષ અને લોકપ્રિય તહેવાર છે. દર વર્ષે ૧૪ જાન્યુઆરીએ ઉતરાયણ ઉજવવામાં આવે છે. આ દિવસથી સૂર્ય દક્ષિણાયનમાંથી ઉત્તરાયનમાં પ્રવેશ કરે છે, તેથી આ પર્વને ઉતરાયણ કહેવાય છે. ઉતરાયણ માત્ર એક તહેવાર નહીં પરંતુ આનંદ, એકતા અને સંસ્કૃતિનો ઉત્સવ છે.ઉતરાયણના દિવસે આકાશ રંગબેરંગી પતંગોથી છલકાઈ જાય છે. નાના બાળકો, યુવાનો તેમજ વૃદ્ધો સૌ કોઈ પતંગ ચગાવવામાં વ્યસ્ત રહે છે. કાઈ પો છે!ના નાદ સાથે લોકો એકબીજાને પડકાર આપે છે અને તહેવારનો આનંદ બેવડો બની જાય છે. છત પર પરિવાર અને મિત્રો સાથે મળીને પતંગ ઉડાવવાની મજા અનોખી હોય છે.આ તહેવાર સાથે ખાસ વાનગીઓ પણ જોડાયેલી છે. તલ અને ગોળમાંથી બનેલી ચીકી, લાડુ, ઉંધિયું અને જલેબી જેવા પરંપરાગત વાનગીઓ દરેક ઘરમાં બનાવવામાં આવે છે. આ વાનગીઓ શરીરને ગરમી આપે છે અને સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી માનવામાં આવે છે. ઉતરાયણ એકતા અને સ્નેહનો સંદેશ આપે છે. આ દિવસે લોકો જૂની નારાજગીઓ ભૂલીને એકબીજાને શુભેચ્છા પાઠવે છે.

ગામડાં હોય કે શહેર દરેક જગ્યાએ ઉત્સાહ અને ખુશીની છાયા જોવા મળે છે.આ રીતે ઉતરાયણ આપણને પરંપરા સાથે જોડે છે, આનંદ અને ઉત્સાહથી જીવનને રંગીન બનાવે છે અને સૌ સાથે મળીને ઉજવવાનો સંદેશ આપે છે.

**સંકલન : ભરત કે. સતિકુંવર**

**કાવ્ય વિભાગ**

## તું સર્વ સર્જનહારી છો, તું નારી છો !

તું નારી છો, નિર્બળ નથી,
ઉંચી આભ અટારી છો વાલપનો વિરડોછો,
પણ તીખી તેજ કટારી છો.
દેવ દાનવ માનવ સઘળાં
તુજ થકી જનિપન્યા છે!
તું જ દ્રૌપદી તું જ સીતા
તું અનસોયા ને અહલ્યા છો.
પ્રેમ આપે તો સાવિત્રી છો પણ દુષટોને
હણનારી છો....... તું નારી છો......(૧)
તું અંબા છો જગદંબા છો
તું નારાયણી નેં રંભા છો,
તું ગંગા ગોદાવરી તું નેં કાવેરી કૃષણા નેં
પરાલંબા છો. જલ સ્થલ આભ પાતાળે તું
ચરઅચર ફરનારી છો....તું નારી છો.......(૨)
જીવ, સજીવ, ને નિર્જીવ છે,
તું જડને ચેતનહારી છે.
રામ કૃષ્ણ નેં બુદ્ધ મહાવીર પરસુરામ જણનારી
છે. કામ ક્રોધ મદ લોભ નેં મત્સર પાંચેની
કરનારી છો...... તું નારી છો...(૩)
અણું અણુંને કણ કણમાં તું,
રજકણમા રમનારી છો,
ત્રેત્રીસ કોટી દેવોમાં તું,
શિવ શંકરને વરનારી છો.
ભાટ ગોપાલની અરજી સુણજે
તું સર્વ સર્જનહારી છો... તું નારી છો...(૪)

**– ગોપાલ બારોટ**

**(લોકસાહિત્યકાર)**

## સમય

સમય સમયને સમજો, સમય છે બળવાન,
ના સમજને શું કહેવું, સમજીને સમજાવાય
ગયો સમય ફરી આવેના
તે સમયને યાદ કરી, અણસમજી પસ્તાય...
આતો સમયની વાત છે.
સમજો તો સમય લાખનો છે.
નહિ તો ખાખનો થઈ જાય.
સમય છે બહુ કિંમતી, એને ના વેડફાઈ
લાખો દેવા સમય આવે ના 'અમીત'
સમજીને એ સમજાય, ના સમજી પસ્તાય

**- અમૃતલાલ પી. સોની 'અમીત'**

**(વેમ્બલી, લંડન)**

**Mob.: 0044 794 338 48 96**

VANA
DESIGN STUDIO
by
Id Priyanka Vaya


**Interior Design Services**
**&**
**3d Design**

**Contact :**
**+91-9601752109**

**E-mail Id :**
**vanadesignstudio09@gmail.com**

# સુંદર વાસ્તુ

## ૧) ડાઈનીંગ ટેબલ



ડાઈનીંગ ટેબલ ચોરસ અથવા લંબચોરસ હોવું જોઈએ.

પરિણામ : જો તમારું ડાઈનીંગ ટેબલ ગોળ અથવા લંબગોળ હોય તો આખું કુટુંબ એક સાથે જમી શકશે નહી અને એ ટેબલનો વપરાશ વધારે થશે નહી.

કલર : ડાઈનીંગ ટેબલનો ઉપરનો ટોપનો કલર કાળો અથવા લીલો હોય તો ઘરના દરેક નિર્ણય ખોટા લેવાશે.

ટેબલનું ટોપ મારબલ, લાકડાનું અથવા લાલ ગ્રેનાઈટનું હોવું જોઈએ. ટેબલટોપનો કલર સુંદર વાસ્તુ પ્રમાણે લાલ અથવા લાકડીયા કલર હોવું જોઈએ.

ટેબલટોપ પર કાચ અથવા અરીસાનું બનાવવું નહી કારણ કે તેમ કરવાથી લીધેલા નિર્ણયો તૂટે છે અને નિર્ણયોમાં અસંમતુલન રહે છે.

ડાઈનીંગ ટેબલ તથા ડાઈનીંગ રૂમ વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ) અથવા અગ્નિ (દક્ષિણ-પૂર્વ) ખૂણામાં મુકવું. આ દીશામાં મુકવાથી કુટુંબનું સ્વાસ્થ્ય અને સંપત્તિમાં વધારો થાય છે.

ડાઈનીંગ ટેબલ તથા ડાઈનીંગ રૂમ નૈઋત્ય (દક્ષિણ-પશ્ચિમ) અથવા ઈશાન (ઉત્તર-પૂર્વ) ખૂણામાં મુક્યુ હોય તો જમવાનું સમયસર થતું નથી. હંમેશા ટેબલ ગંદુ રહે છે. અનાજનો બગાડ થાય છે અને સ્વાસ્થ્યને નુકશાન થાય છે.

## ૨) ઉપરની પાણીની ટાકી

પાણીની ટાકી હંમેશા નૈઋત્ય (સાઉથ-વેસ્ટ દિશા) ખૂણામાં, દક્ષિણ મધ્યમાં અથવા પશ્ચિમના મધ્યમાં હોવી જોઈએ. આ દિશામાં મુકવાથી ૧૦૦% માર્ક મળે છે, સારી સંપત્તિ મળે છે.

જો નૈઋત્ય (સાઉથ-વેસ્ટ દિશા) ખૂણામાં મુકવાનું શક્ય ન હોય તો વાયવ્ય ખૂણામાં (નોર્થ વેસ્ટ દિશા) મુકી શકાય.

આ ખૂણામાં મુકવાથી જોઈએ એ પ્રમાણેનો જસ મળતો નથી.

જો અગ્નિ ખૂણામાં (સાઉથ-ઈસ્ટ દિશા) મુકવામાં આવે તો. ધંધામાં તથા ધંધાકિય નફામાં નુકસાન થાય છે. અને ચામડીના રોગો વધવાની શક્યતા વધે છે.

જો ઈશાન ખુણામાં (નોર્થ-ઈસ્ટ દિશા) મુકવામાં આવે તો. લોહીના રોગો જેવા કે ડાયાબીટીસ, બ્લડપ્રેશર કે અસ્થમા વગેરે થવાની શક્યતા વધી જાય છે અને માનસીક તાણ વધે છે.

S

**DR NIILESH N SHAH**
Ph.D, DSC (VAASTU VIGYAN)

**SUNDAR VAASTU®**
AN ISO 9001 : 2015 CERTIFIED ORGANIZATION

+91- 98211 48571 | www.sundarvaastu.com
sundar_vaastu | sundarvaastu@gmail.com / drnilesh@sundarvaastu.com

## મારૂ ધ્યેય : વિચારોમાં ક્રાંતિ (એક કવિતા)

ખબર છે મને... જેનો આરંભ છે તેનો અંત પણ છે.
જો સુખનો અંત છે, તો દુ:ખનો પણ અંત છે
રાત ક્યાં કાયમી રહેવાની છે, ભલે મોડી...પણ સવાર તો પડવાની જ છે.
કોઈ માને ન માને પણ આ જ સનાતન સત્ય છે.
ખબર છે મને... મનને ગમતી હંમેશા સ્વતંત્રતા...તેને રહેવું ગમતું હમેશાં સ્વતંત્ર...
પરંતુ ધ્યાન રહે – ભલે રહે મન સ્વતંત્ર, પરંતુ ત્યાં ષડયંત્રને સ્થાન ન હોય.
ક્રોધ આવે મન સાથે લડો માનવ સાથે નહી,
મુસીબત આવે સમય સાથે લડો, પોતાની સાથે નહી,
ખબર છે મને... સમય તો સર્જનમાં લાગે છે, વિસર્જનમાં નહી.
સંબંધોને ગાઢ બનતા વર્ષો લાગે છે, તુટતા સેકંડ નથી લાગતી
તો ચાલો, સાથે મળી સર્જન કરીએ એક સુંદર સમાજનું વેરઝેર,
નફરત બધુ જ ફગાવીએ, ભાઈચારા, એકતાનો નારો લગાવીએ.
ખબર છે મને... ઈરાદો મજબૂત છે તો આ થશે જ, પરંતુ શરૂઆત તો કરીએ...

**– નીતા જયપ્રકાશ સુરૂ**



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

# મુંબઈ સુવર્ણકાર સંઘ – કાંદિવલી-બોરીવલી-દહિસર



મુંબઈ સુવર્ણકાર સંઘના વિભાગીય કાંદિવલી, બોરીવલી, દહિસરની મિટીંગ તા. ૧૪-૧૨-૨૦૨૫ ના રોજ સોનીવાડી ખાતે બોલાવવામાં આવેલ. નવી કાર્યકરોની નિમણૂક, તેમજ હોલમાર્ક, ગોલ્ડ વેલ્યુએશન , તેમજ સોનામાં આવેલ તેજીથી કામ ધંધામાં થયેલ અસર ની ચર્ચા કરવામાં આવી.

આવેલ મહેમાન શ્રી સુધીરભાઈ પેંડેકર મુંબઈ સુવર્ણકાર સંઘ ના અધ્યક્ષ, મહારાષ્ટ્ર સુવર્ણકાર સંઘ ના અધ્યક્ષ, સર ચીટનીશ, ઉપાધ્યક્ષ અનિલભાઈ કાર્યકર મહારાષ્ટ્ર પ્રદેશ સુવર્ણકાર સંઘના સરચીટનીશ નંદુભાઈ લવેકર, મુંબઈ સુવર્ણકાર સંઘ ના સર ચીટનીશ સંદિપ વેર્નેકર, મુંબઈ સુવર્ણકાર સંઘના ઉપાધ્યક્ષ પ્રકાશભાઈ કુબલ એ ઉપસ્થિત રહીને સભાની રોનક વધારી ને કાર્યકર ભાઈઓએ પોતાની સમસ્યાની વિગતવાર જાણકારી મેળવી, ત્યારબાદ શ્રી મહેશભાઈ ધકાણ ની  નવા અધ્યક્ષ પદે વરણી થઈ, સર ચીટણીસ પદે શ્રી પ્રફુલભાઇ સતીકુંવરની વરણી થઈ, ઉપાધ્યક્ષ પદે શ્રી ગિરિશભાઈ સાગરની વરણી થઈ, ખજાનચી પદે શ્રી મહેશભાઈ સુરુની વરણી માટે સર્વ મેમ્બેરો એ રજૂઆત કરી ને સર્વે સભ્યોની સંમતિથી કમિટીની રચના કરેલ.

મેમ્બેરોમાં : હિરેનભાઈ સાગર, જયસનભાઈ થડેશ્વર, કિરીટભાઈ સલ્લા, હિરેનભાઈ થડેશ્વર, ચંદ્રેશભાઇ સલ્લા, અજયભાઇ વાયા, વિપુલભાઈ ચોક્સીની નિમણૂક કરવામાં આવી. ત્યારબાદ ગીરીશભાઈ સાગરે આવેલ ભાઈઓનો આભાર પ્રકટ કરીને સભા પૂર્ણ થયાની જાહેરાત કરી.

લી : કાંદિવલી-બોરીવલી-દહિસર વિભાગ

- ગીરીશભાઈ સાગર

---

<u>વિશેષ સૂચના :</u> **શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા પ્રકાશિત કરવામાં આવતું મુખપત્ર 'પરજીયા સોની સંદેશ'ને આવનારા સમયમાં ડિજીટલ સ્વરૂપે રજૂ કરવા માટેનો ઠરાવ વાર્ષિક સામાન્ય સભામાં મંજૂર થયેલ છે જેની નોંધ લેવી.**

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧-૧૧-૨૦૨૫ થી ૩૦-૧૧-૨૦૨૫ આવેલ ભેટની યાદી**

## શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) 'એજ્યુકેશન ફંડ'

૧૨,૫૦૦/-બાબરાવાળા (હાલ સાંતાક્રુઝ) નિવાસી પ્રગ્નેશ યશવંતભાઈ ચોકસી (જગડા)ના માતુશ્રી અ.સૌ. કિરણ યશવંતભાઈ જગડા તા. ૫-૧૧-૨૦૨૫ના રોજ અક્ષરધામ નિવાસી થતા તેમના પુણ્ય સ્મરણાર્થે સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૫,૦૦૦/- મહુવાવાળા (હાલ બોરીવલી) નિવાસી અ.સૌ. અર્ચનાબેન રાજેશકુમાર સાગર તરફથી સ્વ. રંજનબેન રમેશભાઈ ધકાણના દોહિત્તર નિમિત્તે સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૧,૧૦૦/- જામકાવાળા સ્વ. રમેશભાઈ ઘુસાભાઈ ધકાણના ધર્મપત્ની સ્વ. રંજનબેન રમેશભાઈ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

## સ્વ. રતિલાલ કરશનભાઈ ધકાણ- સરસઈવાળા (દુબઈ) 'આર્થિક સહાય ફંડ'

૧૨,૫૦૦/-બાબરાવાળા (હાલ સાંતાક્રુઝ) નિવાસી પ્રગ્નેશ યશવંતભાઈ ચોકસી (જગડા)ના માતુશ્રી અ.સૌ. કિરણ યશવંતભાઈ જગડા તા. ૫-૧૧-૨૦૨૫ના રોજ અક્ષરધામ નિવાસી થતા તેમના પુણ્ય સ્મરણાર્થે સોનીવાડી સંસ્થામાં આર્થિક સહાય ફંડમાં અર્પણ.

## મંદિર જાળવણી અને નિભાવ ફંડ

૫,૧૦૦/- બરડીયાવાળા (હાલ સુરત) નિવાસી સ્વ. દિયાબેન દિનેશકુમાર ધાણકની યાદગીરીમાં સોનીવાડીમાં આવેલા વાઘેશ્વરી માતાજીના મંદિરમાં દિવેલ પેટે અર્પણ. (હ.: મમતાબેન દિનેશકુમાર ધાણક)

## ખુશીભેટ

૫,૫૫૧/-લાઠીવાળા (હાલ બાહરીન) (વડોદરા) નિવાસી સોની રાજેશભાઈ જયંતિભાઈ જગડા (યાદવ) તરફથી શ્રી યશરાજ તથા અ.સૌ. નમિષા યશરાજ યાદવની પ્રથમ લગ્ન વર્ષગાંઠ નિમિત્તે સોનીવાડી સંસ્થામાં ખુશીભેટ.

૫,૫૫૧/- લાઠીવાળા (હાલ બાહરીન) (વડોદરા) નિવાસી સોની રાજેશભાઈ જયંતિભાઈ જગડા (યાદવ) તરફથી શ્રી પાર્થ તથા અ.સૌ. મોનાલી પાર્થ યાદવના લગ્ન પ્રસંગે સોનીવાડી સંસ્થામાં ખુશીભેટ.

૨,૫૦૧/- સાવરકુંડલા (હાલ દહિસર) નિવાસી સોની હર્ષદભાઈ પ્રભુદાસભાઈ સતિકુંવરના સુપુત્ર ચિ. આદિત્યના શુભલગ્ન ચિ. જાન્વી રાજેશભાઈ જગડાની સુપુત્રી સાથે તા. ૨૭-૧૧-

૨૦૨૫ના સોનીવાડીમાં થતા સોનીવાડી સંસ્થામાં ખુશીભેટ.

૨,૫૦૧/- રાજુલાવાળા (હાલ દહિસર) નિવાસી સોની રાજેશભાઈ મગનલાલ જગડાની સુપુત્રી ચિ. જાન્વીના શુભ લગ્ન ચિ. આદિત્ય હર્ષદભાઈ સતિકુંવર સાથે તા. ૨૭-૧૧-૨૦૨૫ના રોજ સોનીવાડીમાં થતાં સંસ્થામાં ખુશીભેટ.

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

**તા. ૦૧-૧૧-૨૦૨૫ થી ૩૦-૧૧-૨૦૨૫**

**આવેલ ભેટની યાદી**

**'મેડિકલ સહાય ફંડ'**

૫૦૦/- જામકાવાળા (હાલ કાંદિવલી) રમેશભાઈના ધર્મપત્ની રંજનબેનની ઉત્તરક્રિયા નિમિત્તે મહાજન સેવા ટ્રસ્ટને દવા સહાયમાં ભેટ અર્પણ.

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**

*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events


**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora





## સોનીવાડી-બોરીવલીમાં


# આધુનિક સુવિધા ધરાવતા AC રૂમો











**રહેવાની ઉત્તમ સુવિધા સાથે**

**ડબલ બેડ * ૩ બેડ * ૫ બેડ સહિતની રૂમો ઉપલબ્ધ છે.**

'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.

ફોન : 2898 3905 / 2899 9097


મો.: +91-93244 35547 / 93248 35547

Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9

*પરિવારના સભ્યનો સ્નેહ ડોક્ટરની દવા કરતાં એ વધુ લાભદાયક હોય છે.*


# SONI BANQUET HALL



- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અદ્યતન રેન્જ



**એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે***

**શુધ્ધ શાકાહારી***

**ઓપન કેટરર્સ***

(* શરતો લાગુ)

**'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.**

**ફોન : 2898 3905 / 2899 9097 * મો.: +91-93244 35547 / 93248 35547**

**Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9**

# સ્મૃતિ

રિસેપ્શન પર બેઠેલી સ્ત્રીએ જોયું તો દરવાજા પર એક દુબળો-પાતળો, વૃદ્ધ માણસ ઊભો હતો. તેના હાથમાં એક પ્લાસ્ટિક ફોલ્ડર હતું. તે ધીમેથી અંદર આવ્યો અને સ્ત્રીએ પૂછ્યું, ''જી, તમે?''

વૃદ્ધે ધીમેથી કહ્યું, ''નોકરી માટે અરજી આપવાની હતી.'' આ સાંભળીને ઑફિસમાં સન્નાટો છવાઈ ગયો.

મેનેજર અભિષેકે લગભગ ૭૦ વર્ષના એ વૃદ્ધને જોયો, જે માંડ ચાલી શકતા હતા. અભિષેકે નરમાશથી પૂછ્યું, ''દાદાજી, તમને કયા પ્રકારનું કામ જોઈએ છે?'' વૃદ્ધે ધ્રૂજતા હાથે બાયોડેટા આગળ વધારતાં કહ્યું, ''કોઈ પણ...હું શીખી લઈશ.'' તેની આંખોમાં માત્ર લાચારી હતી. અભિષેકે બાયોડેટા ખોલ્યો. નામ હતુંઃ સુરેશ પ્રસાદ, ઉંમરઃ ૬૯ વર્ષ. અનુભવમાં ૩૨ વર્ષ સરકારી શાળામાં પટાવાળાનો ઉલ્લેખ હતો. છેલ્લી લાઇનમાં લખ્યું હતુંઃ ''પેન્શનના પૈસા ધોખાથી ગુમાવી દીધા છે. ઘરમાં કોઈ કમાનાર નથી, વહુ બીમાર છે અને બે પૌત્રોની ફી ભરવા માટે નોકરીની સખત જરૂર છે.'' અભિષેકનું દિલ ભરાઈ આવ્યું.



ઑફિસના કર્મચારીઓ ફુસફુસાટ કરતા હતા, પણ અભિષેકને પોતાના બીમાર પિતા યાદ આવ્યા. તેણે વૃદ્ધને આદર સાથે બેસાડ્યા અને પૂછ્યું, ''તમે નોકરી કેમ કરવા માંગો છો?'' વૃદ્ધનો અવાજ ભરાઈ ગયો. તેણે જણાવ્યું કે પત્ની ગુજરી ગઈ છે, દીકરો અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે, અને નાના ભાઈએ પેન્શનના પૈસા પરત કર્યા નથી. ''બેટા, ઘરમાં અનાજ નથી. પૌત્રની ફી ભરવા માટે મારે કામ કરવું પડશે,'' તેણે ધ્રૂજતા અવાજે કહ્યું.

અભિષેકે માલિક મીરા મહેતાને આખી વાત જણાવી. મીરાએ તરત જ કહ્યું, ''તેમને ઑફિસ આસિસ્ટન્ટની હળવા કામની નોકરી આપી દો. તેમને દયા નહીં, પણ સન્માન સાથેનું કામ જોઈએ છે. આપણે પગાર સાથે થોડીક વધારાની મદદ પણ મહેનતાણાના ભાગ રૂપે જોડી દઈશું.''

જ્યારે બંને પાછા લોબીમાં આવ્યા ત્યારે વૃદ્ધ ચિંતાતુર ઊભા હતા. મીરાએ હસીને કહ્યું, ''શ્રી સુરેશ પ્રસાદ? તમારી નિમણૂક કરી દેવામાં આવી છે.'' વૃદ્ધ સ્તબ્ધ થઈ ગયા, તેમની આંખોમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું, ''બેટા... તમે આજે મારા ઘરમાં આશા જગાડી દીધી.'' તેમણે અભિષેક અને મીરાના પગ પકડવાનો પ્રયત્ન કર્યો, પણ તેમણે રોકી લીધા. ''હવે તમે અમારા ઑફિસના દાદાજી છો,'' અભિષેકે કહ્યું.

વૃદ્ધ બીજા દિવસે સ્વચ્છ કપડાં પહેરીને આવ્યા અને પૂરી નિષ્ઠાથી કામ કરવા લાગ્યા- પાણી મૂકવું, ટપાલ પહોંચાડવી વગેરે. તેઓ પોતાના નાના પૌત્રના ભવિષ્ય માટે મહેનત કરી રહ્યા હતા. પહેલા મહિને તેમને ૮,૦૦૦ રૂપિયા પગાર મળ્યો, જેમાં મીરાએ ૩,૦૦૦ રૂપિયાનું બોનસ પણ ઉમેર્યું હતું. વૃદ્ધ ભાવુક થઈ ગયા, ''મેં તો વિચાર્યું હતું કે ૨-૩ હજાર મળશે, પણ આજે...''

બે મહિના પછી, એક સવારે દાદાજી ઑફિસ ન આવ્યા. ફોન કરતાં ખબર પડી કે તેમની તબિયત બગડી છે અને તેઓ હોસ્પિટલમાં છે. અભિષેક અને મીરા તરત ત્યાં પહોંચ્યા. બેડ પર સૂતેલા દાદાજીએ અભિષેકને જોયો અને હસીને કહ્યું, ''બેટા... ઑફિસ

ન જઈ શક્યો... સોરી... આજે મારા પૌત્રની ફી ભરવાની હતી, તું ભરી દેજે.'' અભિષેકે તેમનો હાથ પકડ્યો, ''દાદાજી, તે કામ હું તમારા નામ પર કરી ચૂક્યો છું.'' વૃદ્ધની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તેમણે ધીમેથી કહ્યું, ''તમે મને એક ઇન્સાન હોવાનું સન્માન આપ્યું.'' અને થોડી જ વારમાં તેમના હાથની પકડ ઢીલી થઈ ગઈ. દાદાજીનું નિધન થયું. આખી ઑફિસે મૌન પાળ્યું. મીરાએ જાહેર કર્યું કે સુરેશ પ્રસાદના પૌત્રોના શિક્ષણનો પૂરો ખર્ચ કંપની ઉઠાવશે.

અભિષેકે વૃદ્ધનો બાયોડેટા જોયો, જેમાં એક ચિઠ્ઠી હતી: ''જો મને નોકરી મળે, તો મારા પૌત્રનું ભવિષ્ય ચમકી જશે. મારી એક જ ઇચ્છા છે- તે મારાથી વધુ સારો ઇન્સાન બને.''અભિષેકની આંખો ભરાઈ આવી. પછીના વર્ષે કંપનીએ ગરીબ બાળકોની ફી ભરવા માટે તેમના નામે 'સુરેશ પ્રસાદ સ્મૃતિ શિષ્યવૃત્તિ' શરૂ કરી. ઘણા લોકો બાયોડેટામાં પોતાની આવડત લખે છે. પણ તે વૃદ્ધે પોતાની મજબૂરી, પોતાનું દર્દ, અને પોતાની તૂટતી આશાઓ લખીને એક આખી દુનિયાને ઇન્સાનિયત શીખવાડી દીધી. ક્યારેક ક્યારેક નોકરી માત્ર પેટ ભરવાનો રસ્તો નથી હોતી. તે કોઈ ઘરની રોશની, કોઈ પૌત્રનો અભ્યાસ, કોઈ વૃદ્ધ પિતાની ઇજ્જત પણ હોય છે! ને તે વૃદ્ધ માણસ પોતાની છેલ્લી શ્વાસ સુધી ઇજ્જતથી જીવ્યા.

**– હરેકૃષ્ણ (આવકાર ૭૮૭૮૨૨૨૨૧૮)**


## 'પરજિયા સોની સંદેશ' બાબત

**'પરજિયા સોની સંદેશ'ના ગ્રાહકોને જણાવવાનું કે એ.જી.એમ.(AGM)માં નક્કી થયા મુજબ હવેથી 'પરજિયા સોની સંદેશ'ની ડિજિટલ પ્રિન્ટ ગ્રાહકોને મોકલવામાં આવશે. તો આપના મોબાઈલ નંબર વોટ્સઅપ (WhatsApp)/ઇ–મેઈલ આઈડી (Email Id) (ઘરના કોઈપણ સભ્યના ચાલશે) આપણી સોનીવાડીની ઓફિસમાં નીચે આપેલ નંબર પર સંપર્ક કરી લખાવી દેવા વિનંતી.**

**ફોન : 022-2898 3905 / 2899 9097 / 93244 35547 / 93248 35547**

**Email: sonisandesh1@gmail.com**

**લી. મેનેજીંગ કમિટી**



*N. H. Beauty Saloon*

*Beautician : Rakhee Hitesh Satikuvar*

**✆ 99309 09411 / 79773 34312**

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

હેલ્થ કોર્નર

# ઓમના ઉચ્ચારણનું મહત્વ

એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ
તુલસી ચરચા રામ કી, હરૈ કોટિ અપરાધ
એક ઘડી એટલે ૨૪ મિનિટ
અડધી ઘડી એટલે ૧૨ મિનિટ
પા ઘડી એટલે ૬ મિનિટ

શું એવું થઈ શકે કે કોઈ સાધનથી છ મિનિટમાં અનેક વિકાર દૂર થઈ શકે?



વૈજ્ઞાનિક સંશોધનમાં જાણવા મળ્યું છે, ફક્ત છ મિનિટ ઓમનું ઉચ્ચારણ કરવાથી અનેક રોગ દૂર થઈ જાય છે જે દવાથી પણ આટલી જલદી સાજા નથી થતા.

છ મિનિટ ઓમનું ઉચ્ચારણ કરવાથી મસ્તકમાં વિશેષ પ્રકારનું કંપન થાય છે અને ઓક્સિજનનો પ્રવાહ વધવાથી મસ્તકના રોગ, સ્ટ્રેસ અને ટેન્શન દૂર થાય છે, સ્મરણશક્તિ વધે છે. ત્રણ મહિના રોજ સવારે અને સાંજે છ મિનિટ ઓમના ઉચ્ચારણથી રક્તસંચાર સંતુલિત થાય છે અને રક્તમાં ઓક્સિજનનું સ્તર વધે છે. બ્લડ પ્રેશર, હૃદયરોગ, કોલેસ્ટ્રોલ જેવા રોગમાં લાભ થાય છે.

બે અઠવાડિયા સવારે અને સાંજે નિયમિત રીતે ઓમનાં ઉચ્ચારણથી શરીરમાં વિશેષ ઊર્જાનો સંચાર થાય છે. ગભરાટ, બેચેની, ડર, એંઝાયટી દૂર થાય છે.

ઓમનાં ઉચ્ચારણથી કંઠમાં વિશેષ કંપન થાય છે અને માંસપેશીઓને શક્તિ મળે છે.

થાઈરોઈડ, ગળાનો સોજો દૂર થાય છે અને સ્વરદોષ દૂર થવા લાગે છે.

પેટમાં પણ વિશેષ પ્રકારનું કંપન અને દબાણ થાય છે.

એક મહિના સુધી દિવસમાં ત્રણ વાર છ મિનિટ સુધી ઓમના ઉચ્ચારણથી પાચનતંત્ર, લિવર, આંતરડાને શક્તિ મળે છે અને પાચન પણ બરાબર થાય છે, પેટના રોગ દૂર થાય છે.

ઓમનાં ઉચ્ચારણથી ઉચ્ચ સ્તરનો પ્રાણાયમ થાય છે, અને ફેફસામાં વિશેષ કંપન થાય છે. ટીબી જેવા રોગમાં પણ લાભ થાય છે અને આયુષ્ય વધે છે. ઓમનું ઉચ્ચારણ લાંબા સ્વરમાં કરવું જોઈએ.

**- સંકલન**



# શ્રીમદ્ ભાગવત સપ્તાહ

પોષવદ આઠમ રવિવાર તા. ૧૧-૦૧-૨૦૨૬ થી
પોષવદ અમાસ રવિવાર તા. ૧૮-૦૧-૨૦૨૬

*** શ્રીમદ્ ભાગવત સપ્તાહના યજમાન ***

**શ્રી કિશોરભાઈ મોહનભાઈ ધકાણ લાખણકાવાળા (હાલ દહિસર)**
**તથા સ્વ. અ.સૌ. રમાબેન કિશોરભાઈ ધકાણ – લાખણકાવાળા**

**ધકાણ તથા થડેશ્વર પરિવાર તરફથી**
**શ્રીમદ્ ભાગવત સપ્તાહ આપણા આંગણે સોનીવાડીમાં...**
**વક્તા : શાસ્ત્રી શ્રી કમલેશભાઈ (દાદા)**
**બગસરાવાળા (હાલ મુંબઈ–કાંદિવલી)**

**સમય : બપોરે ૩:૦૦ થી સાંજે ૭:૦૦ સુધી**
**સ્થળ : સોનીવાડી, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ–૯૨.**

**નિમંત્રક :**
**શ્રી યોગેશભાઈ લાભુભાઈ સુરૂ (દાઠાવાળા)**
**તથા લાખણકાવાળા ધકાણ પરિવાર**

# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| ✻ એક અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| ✻ આખા વર્ષના અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| ✻ ટચુકડી જાહેરાત ✻ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## અ.સૌ. કીરણબેન યશવંતભાઈ જગડા

(સ્વર્ગવાસ : તા. ૦૫-૧૧-૨૦૨૫)

બાબરાવાળા યશવંતભાઈ હમીરભાઈ જગડાના ધર્મપત્ની અક્ષરધામ નિવાસી થયા છે. પરમાત્મા એમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

* શોકાતુર *

પુત્ર – પ્રજ્ઞેશ યશવંતભાઈ જગડા
પુત્રવધુ – માનસી પ્રજ્ઞેશ જગડા
પુત્રી – સરીયુ નિલેશકુમાર ધકાણ
જમાઈ – નિલેશભાઈ મનોજભાઈ ધકાણ
પુત્રી – સરીતા ચિરાગકુમાર ધકાણ
જમાઈ – ચિરાગભાઈ વિનોદભાઈ ધકાણ

પૌત્ર : રિદ્ધિ – ધરમ

ભાણેજ : ઈશા, એકતા, રાહુલ, રાધીકા, દેવરાજ

નારણભાઈ વસ્તાભાઈ જગડા (બાબરાવાળા) પરિવારના

**જય શ્રી સ્વામિનારાયણ**

PARAJIA SONI SANDESH (Monthly) • DECEMBER 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૭૦૯૭

To,